# મહિલા અને  બાળ વિકાસ વિભાગની કામગીરી

૧ મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવક્રમાંક આઇસીડી/ ૧૦૨૦૧૧/ ૧૧૦૬/બ તા.૧૬-૦૯-૨૦૧૧ તથા ૧૯-૧૦-૨૦૧૧ તથા તા.૦૩/૧૧/૨૦૧૧થી થયેલ કાર્યવાહી અનુસાર (૧) આંગણવાડી કાર્યકર/હેલ્પરની પસંદગી અને (૨) આંગણવાડી કેન્દ્રોની સ્થળ તપાસ / ચકાસણી અંગેની કામગીરી અને (૩) આંગણવાડી કેન્દ્રોના રીપેરીંગની કામગીરી કરવાની સત્તા તાલુકા કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવેલ છે.

૨ <u>આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/હેલ્પરની પસંદગી (નિમણૂક) ની કામગીરી</u>

મહિલા અને  બાળ વિકાસ વિભાગ ના તા.૧૩-૧૧-૨૦૦૯ના ઠરાવ ક્રમાંક આઇ.સી.ડી./૧૦૨૦૦૯/ ૧૬૫૨/બ થી : આંગણવાડી કાર્યકર/હેલ્પરની પસંદગી માટેના નિયમો નક્કી કરવામાં આવેલ છે. આ ઠરાવ ના ફકરા નં-૬.૪માંની જોગવાઇ મુજબ તાલુકા કક્ષાએ પસંદગી સમિતીની રચના કરવામાં આવેલ છે. જેમાં નીચે મુજબનો સુધારો કરીને નવી સમિતીની રચના કરવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ૧ | જે તે તાલુકાના પ્રાન્ત અધિકારીશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | તાલુકા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૩ | સંકલિત બાળ વિકાસ યોજના અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |

આ કામગીરીનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૧ ના રોજથી કરવાનો રહેશે.

૩ <u>આંગણવાડી કેન્દ્રોની સ્થળ તપાસ / ચકાસણી અંગેની કામગીરીઃ-</u>

રાજ્યમાં આવેલ આંગણવાડી કેન્દ્રોની સ્થળ તપાસની કામગીરી હાલમાં નિયામક શ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને  બાળ વિકાસની કચેરી, ગુ.રા.,ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. હવે આ કામગીરી પ્રાંત અધિકારીશ્રી પણ કરી શકશે. અને પ્રાંત અધિકારીશ્રીઓએ તેમનો તપાસ / ચકાસણી અહેવાલ નિયામકશ્રી / કમિશ્નરશ્રી મહિલા અને  બાળ વિકાસની કચેરી, ગુ.રા.,ગાંધીનગરને કરવાનો રહેશે.

૪ <u>આંગણવાડી કેન્દ્રોના રીપેરીંગની કામગીરી</u>

રાજ્યની દરેક આંગણવાડી કેન્દ્રોમાં પ્લેટફોર્મ, વોશ-બેઝિન, રસોડુ, સ્ટોર-રૂમ અને ટોઇલેટની સુવિધા સહિત ૪૯.૪૫ ચો.મી.ના ક્ષેત્રફળમાં બાંધકામ કરવા માટેની કામગીરી માટે સરકારશ્રી દ્વારા વખતો વખત જે યુનિટ કોષ્ટ નક્કી કરવામાં આવે તે મુજબ બાંધકામ કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને નાણાકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી સોંપવામાં આવેલ છે. જ્યારે આંગણવાડી કેન્દ્રોના ફક્ત રીપેરીંગ માટે અલગથી ફાળવવામાં આવતી ગ્રાન્ટનો ખર્ચ  કરવાની સત્તા પ્રાંત અધિકારીશ્રી હસ્તક નાણાકીય વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી રહેશે.

**શરતો :**

(૧) પ્રાન્ત અધિકારીઓ દ્વારા આંગણવાડી કેન્દ્રોના મકાનોની જરૂરીયાત મુજબ રીપેરીંગ કરાવવા યોગ્ય કામોની યાદી નિયામકશ્રી(આઇ.સી.ડી.એસ.)ને આપવાની રહે છે. રીપેરીંગ કરાવવા યોગ્ય કામોનો અગ્રતાક્રમ નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા નક્કી કરવામાં આવશે. અને તે મુજબ ગ્રાન્ટ પ્રાન્ત અધિકારીશ્રીઓને હવાલે મુકવામાં આવશે. રીપેરીંગ કરેલ કામની વિગતોનો પ્રગતિ અહેવાલ અને ખર્ચની વિગતો પ્રાન્ત અધિકારીશ્રીઓએ નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) મારફત વિભાગને મોકલી આપવાની રહેશે.

(૨) રીપેરીંગ માટે પ્રથમ હપ્તો અંદાજિત કિંમતના ૭૫% તેમજ બીજો હપ્તો ૨૫% પ્રમાણે નિયામકશ્રી(આઇ.સી.ડી.એસ.) દ્વારા પ્રાન્ત અધિકારીશ્રીઓને હવાલે મુકવામાં આવશે.

(૩) આંગણવાડી કેન્દ્રના રીપેરીંગના અંદાજો બનાવવા માટે સંબંધિત જિલ્લાના માર્ગ અને મકાન વિભાગના પ્રવર્તમાન એસ.ઓ.આર.(Schedule of Rates) ધ્યાને લેવાની રહેશે.

(૪) આ કામોનું સુપરવીઝન એટીવીટીના પ્રાન્ત અધિકારીશ્રીના હવાલે મુકવામાં આવેલ તાંત્રિક કર્મચારીઓ દ્વારા કરવાનું રહેશે.

(૫) આ રીપેરીંગ કામોનું થર્ડ પાર્ટી ચકાસણીનું કામ જે તે તાલુકાના માર્ગ અને મકાન વિભાગ(પંચાયત) દ્વારા કરાવવાનું રહેશે.

આંગણવાડી કેન્દ્રના રીપેરીંગની સમગ્ર કામગીરનું સંકલન, સુપરવીઝનની કામગીરી પ્રાન્ત અધિકારી હસ્તક રહેશે.

૫ **આંગણવાડીના મકાનમાં વિજળીકરણની સુવિધા** તા.૦૩/૧૧/૨૦૧૧ના ઠરાવથી તાલુકા કક્ષાએ આ કામગીરીની સત્તા તાલુકા વિકાસ અધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે.

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ની કામગીરી

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ના નોટીફીકેશન નં.જીપી-૧૫-પીએનડીટી-૧૦૨૦૧૧-૯૩૩-બી૧, તા.૨.૯.૧૧ મુજબ ધ પીસી એન્ડ પીએનડીટી (પ્રોહિબીશન ઓફ સેકસ સિલેકશન) એકટ-૧૯૯૪ની અમલવારી માટે સબ ડિસ્ટ્રીકટ એપ્રોપ્રિએટ ઓથોરીટી તરીકે પ્રાંત ઓફિસરોને જાહેર કરવામા આવેલ છે.

પ્રાંત ઓફિસર એ ભૃણની જાતિ સકાસણી કરી, સ્ત્રી ભૃણ હત્યા થતી અટકાવવા ધ પીસી એન્ડ પીએનડીટી (પ્રોહિબીશન ઓફ સેકસ સિલેકશન) એકટ-૧૯૯૪ની અમલવારી. અંગે કામગીરી કરવાની રહેશે.